ગાંધીનગર સમાચાર

તા. ૨૮-૭-૨૦૧૩, રવિવાર

## તંત્રી સ્થાનેથી.....

### રાજનાથનો પડકાર વાહિયાત

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ અમેરિકાની ચેમ્બર ઓફ કોમર્સ સમક્ષ કોંગ્રેસને એના વડાપ્રધાનપદના ઉમેદવારના નામની જાહેરાત કરવા પડકાર ફેંકે છે ત્યારે કોઈપણ ભારતીય નાગરિકને સ્વાભાવિક રીતે જ એમની દયનીય માનસિકતા પ્રત્યે કરુણા ઊપજે. શું અમેરિકા એ ભારતના ભાવિ વડાપ્રધાનના નામકરણ માટેનું ધર્મસ્થાન છે? ભારત જેવા વિશાળ દેશનો લાંબો પહોળો વિસ્તાર આવા હાકલા-પડકારા માટે નાનો પડે છે કે એ લડાઈ એમને વિદેશી ભૂમિ પર લઈ જવી પડી? એમણે અમેરિકા જઈને પોતાના પક્ષે એકમતીથી ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષનું નામ નક્કી કરી દીધાની બડાશ મારતાં કહ્યું છે કે પક્ષ એ જ રીતે સર્વાનુમતે વડાપ્રધાનપદના ઉમેદવારનું નામ પણ સવેળા જાહેર કરનાર છે. હવે આ નામ કોનું છે તે કોઈથી છાનું નથી રહ્યું છતાં રાજનાથ સ્પષ્ટ શબ્દોમાં એમ નથી કહી શકતા કે નરેન્દ્ર મોદી જ એમના પક્ષના વડાપ્રધાનપદના ઉમેદવાર હશે. એ દર વખતે મોદીને દેશના સૌથી લોકપ્રિય નેતા તરીકે ઓળખાવે છે અને પોતે પક્ષના પ્રમુખ હોવા છતાં એમની સરખામણીએ ઊતરતા હોવાનું વિનમ્રતાપૂર્વક સ્વીકારે છે. તજજ્ઞો સિનિયર રાજપૂત નેતાની આ વિનીતવાણીના જુદા જુદા અર્થ કાઢતા રહ્યા છે. કોઈ કહે છે- મોદી નહીં, મોદીનું ફંડ વહાલું છે. આ રાજનાથ નથી બોલતા, પૈસા બોલે છે. બીજા વળી એમાં રાજનાથની ગર્ભિત અંગત મહત્વાકાંક્ષા નિહાળે છે. મોદી તો મહોરું છે. સમય આવશે ત્યારે હિંદી બેલ્ટના કિસાન અને ક્ષત્રિય નેતા પોતે જ વરરાજા બની જશે. પક્ષના આંતરિક ઝઘડામાં અડવાણી અને સુષમા સુધ્ધાં રાજનાથના નામ પર સહમત થઈ જશે, મોદીની સહાનુભૂતિ તો દેખીતી રીતે, પોતાનો મેળ ન જ પડતો હોય તો બગલબચ્ચું થઈને રહે એવા રાજનાથ પ્રત્યે જ હોય. પક્ષપ્રમુખ તરીકે બબ્બે વાર રહ્યા છે અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ગુડબુકમાં છે. એટલે મોદીનો સિનિયર નેતાઓ વિરોધ કરતા હોય તો સંઘ પોતે સામે ચાલીને રાજનાથનું નામ સૂચવી શકે.

રાજનાથ કોંગ્રેસને એના વડાપ્રધાનપદના ઉમેદવારનું નામ જાહેર કરવાનો પડકાર ફેંકે છે તે તદ્દન વાહિયાત છે. આ દેશનું ધાવણું છોકરું પણ જાણે છે કે કોંગ્રેસ એક પરિવારની આસપાસ ફેરફુદરડી ફરતો રાજકીય પક્ષ છે. કેંદ્રમાં ગાંધી પરિવાર જ છે. સોનિયા ગાંધીએ મનમોહનસિંહ જેવા કહ્યાગરા અર્થશાસ્ત્રીને બે પૂરી ટર્મ સુધી વડાપ્રધાનપદ સોંપ્યું તેની પાછળનાં કારણો અને ગણિત જાણીતું છે. રાહુલ ગાંધી હવે બેતાલીસ વર્ષ વટાવી ચૂક્યા છે. દેશ માટે ફના થવાની તૈયારી રાખીને રાજકારણમાં ખૂંપી ગયેલા રાહુલે અંગત સાંસારિક જીવનનો ભોગ આપનારા રાહુલ ગાંધી જ હવે પક્ષના સાચા અને મુખ્ય સુકાની છે. સિંહને જાહેરાત નથી કરવી પડતી કે પોતે જંગલનો રાજા છે. બાકીનાં પ્રાણીઓ એને રાજા તરીકે સ્વીકારી જ લેતાં હોય ત્યાં એવી જાહેરાતની જરૂર ખરી? રાજનાથ કોંગ્રેસમાં વડાપ્રધાનપદના ઉમેદવાર માટે એકમતી નહીં હોવાની વાહિયાત વાત કરે છે. ચિદંબરમ, એન્ટી અને મનમોહનસિંહ દેખીતી રીતે જ રાહુલ ગાંધીની સરખામણીએ અનુભવી આગેવાનો હોવા છતાં પાર્ટીના સર્વમાન્ય નેતા તો રાહુલ જ છે. એ વિશે રાજનાથના મગજમાં ભ્રમ હોઈ શકે છે, પણ કોંગ્રેસીઓએ તો રાહુલનું નામ સ્વીકારી જ લીધું છે. વ્યૂહાત્મક અભિગમ અપનાવી તેઓ મોદીની સામે રાહુલની સરખામણી અને ચેનલો દ્વારા લોકપ્રિયતાની મોજણીનું અટકચાળું અટકાવવા હાલ પૂરતું નામ જાહેર ન કરે તે જુદી વાત છે.

## સમર્પણ કોલેજમાં મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીની જન્મજયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતી સાહિત્યમાં જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનાર અને સમર્થ સર્જક ઉમાશંકર જોશીની ૧૦૨મી જન્મ જયંતિ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગર ખાતે ઉજવવામાં આવી હતી.

ઉમાશંકર જોશીની જન્મ જયંતિ નિમિત્તે પ્રસિદ્ધ નાટ્યકાર અને વિવેચક સતીશભાઈ વ્યાસ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ઉમાશંકર જોશીના વ્યક્તિત્વના વિવિધ પાસાને ઉજાગર કર્યા હતા. સમર્પણ કોલેજના ટ્રસ્ટી અને સાહિત્યકાર ડૉ. કિશોરસિંહ સોલંકીએ ઉમાશંકર જોશી સાથેના પોતાના સંસ્મરણો વાગોળ્યા હતા. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. દીપક પંડ્યાએ આ પ્રસંગે મહેમાનોનો પરિચય આપ્યો હતો અને ડૉ. ઋચાબેન બ્રહ્મભટ્ટે સ્વાગત કર્યુ હતુ. કુ. પંખી ઝાલાએ ઉમાશંકર જોશીની કાવ્યરચના પર ભાવવાહી નૃત્ય રજુ કર્યુ હતુ. કુ. ખ્યાતિ મહેતાએ ઉમાશંકરની કાવ્યરચનાનું પઠન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સ્વપ્રિલ મહેતાએ કર્યુ હતુ.

## પી.બી. પટેલ સ્કૂલમાં ગુરુપૂર્ણિમા ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ ૩માં આવેલી પી.બી. પટેલ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે વક્તવ્ય અને ભજનનો કાર્યક્રમ યોજાઈ ગયો

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડી સંચાલિત પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ એસ.વી. કેમ્પસ કડીમાં ગુરુપૂર્ણિમા દિનની ઉજવણી નિમિત્તે ગુરુ મહિમા વિશે વક્તવ્ય અને ભજન તેમજ દોહાનું આયોજન થયું જેમાં ૧૧ વિદ્યાર્થીઓએ વક્તવ્ય તેમજ સૂર અને તાલ સાથે ભજન રજુ કર્યા હતા. શાળાના પ્રિન્સિપાલ ડૉ. બાબુલાલ આર. પટેલે બાળકોને પોતાની આગવી શૈલીથી વિસ્તૃત ગુરુપૂર્ણિમાનું વર્તમાન સમયમાં મહત્વ સમજાવ્યું તેમજ આશ્રમ વ્યવસ્થા અને પ્લેટો, સુકતાન, થોરો, માર્કસ, સમર્થ રામદાસ, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, શિવાજી, લેનિન વગેરે શિષ્ય અને ગુરુનું મહત્વ સમજાવ્યું હતું. શાળાના દરેક વિદ્યાર્થી ભાઈ બહેનોએ ગુરુજનોને કુમકુમ તિલક કરી ગુરુવંદના કરી ભારતીય પરંપરા નિભાવી. પછી દરેક વિદ્યાર્થી ભાઈ બહેનોને કુમકુમ તિલક કર્યુ. આ કાર્યક્રમનું સંચાલન મહેન્દ્રભાઈ અને પટેલ રાજેન્દ્રભાઈએ સુંદર રીતે કર્યુ હતુ. તે બદલ દરેકને અભિનંદન પાઠવ્યા હતા.



નવરાત્રિના આવવાના પગરવ સંભળાઈ રહ્યા છે ત્યારે ગાંધીનગરમાં રીધમ ગરબા કલાસનો ઉદ્ઘાટન સમારોહ તાજેતરમાં ગાંધીનગરના પ્રથમ મેયર મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુજરાતી ફિલ્મ અદાકાર અજીતસિંહ વાઘેલા, લાયોનેશના પ્રમુખ આરતીબેન ભટ્ટ, સેક્રેટરી મિનાક્ષીબેન, લીયો પ્રમુખ રાજગોડાની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. મહેમાનોએ દીપ પ્રાગટ્ય કરી સંચાલક નિરવ લોથને શુભેચ્છાઓ પાઠવી હતી.

## સમર્પણ કોલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષાનો કોર્ષ પહેલીથી આરંભાશે

ગાંધીનગર, તા. ૨૭


ગાંધીનગર શહેરના સેકટર-૮માં આવેલી સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ૧લી ઓગષ્ટથી સ્પર્ધાત્મક પરીક્ષામાં મદદરૂપ થઈ શકે તે માટેનો કોર્ષ પ્રારંભ થશે. જે અંતર્ગત ગુજરાતી, ગણિત, અંગ્રેજી વ્યાકરણ, બુદ્ધિ ચાતુર્ય, પંચાયતી રાજ, ભારતીય બંધારણ અને સાંપ્રત પ્રવાહો જેવા વિષયો ભણાવવામાં આવશે. આ કોર્ષની ફી ૩૦૦૦ રાખવામાં આવી છે તથા કોલેજના સાંપ્રત અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ફીમાં ૫૦ ટકા રાહત આપવાનું પણ આયોજકો દ્વારા જણાવાયું છે.

## આજે બ્રહ્મસમાજના વિદ્યાર્થીઓ માટે ટ્રેનિંગ સેન્ટર આરંભાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી સમાજના વિદ્યાર્થીઓ સફળ રતી કરી શકે તે માટે ટ્રેનિંગ સેન્ટરનો ઉદ્ઘાટન કાર્યક્રમ આજે ૨૮મી જુલાઈએ બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

બ્રહ્મસમાજના વિદ્યાર્થીને તાલીમ આપવા સ્પર્ધાત્મક પરીક્ષાના ટ્રેનિંગ સેન્ટરના ઉદ્ઘાટન પ્રસંગે પેટલાદના સ્વામી સચ્ચિદાનંદ અને ગોંડલના આચાર્ય ઘનશામજી મહારાજ ખાસ ઉપસ્થિત રહેશે અને ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે ગૃહ વિભાગના ચીફ સેક્રેટરી એસ.કે. નંદા, આઈપીએસ અમીતાભ પાઠક તેમજ યાત્રાધામ વિકાસ બોર્ડના મહેન્દ્રભાઈ ત્રિવેદી, ગાંધીનગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહા તથા સુરતના લવજીભાઈ દાલીયા ખાસ ઉપસ્થિત રહેશે. મહેમાનો દ્વારા સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન પણ કરવામાં આવશે.




સાહેબ, ભાગતો નથી... બહાર રહેવું હવે પોસાય તેમ જ નથી... અંદર જવા ખોદુ છું...!

## પી.કે ચૌધરી મહિલા કોલેજમાં મહિલા જાગૃતિ વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૭

પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં કાઉન્સીલીંગ કમીટિ સીડબલ્યુ ડી.સી. દ્વારા મહિલા જાગૃતિ વ્યાખ્યાનનું આયોજન કરેલ છે. વિદ્યાર્થીનીઓને જયોતિબેન, ભારતીબેન બંનેએ મહિલા જાગૃતિ અંગેના વિવિધ પાસાઓની ચર્ચા કરેલ. આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ વિદ્યાર્થીનીઓને જાગૃત રહેવા હાકલ કરેલ હતી. કન્વીનર ડૉ. લીલાબેન સ્વાદિયાએ પ્રા. સજજનબેન ચૌધરી, ડૉ. મીનાબેન વ્યાસે કાર્યક્રમનું આયોજન કરેલ હતું. ૧૭૫ વિદ્યાર્થીઓને વ્યાખ્યાન માધ્યમથી જાગૃતિ અંગે સજાગ કરેલ હતા.

## ડો. આર.એમ. પટેલ પી.ટી.સી. કોલેજમાં ગુરુવંદના ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કોલેજ, કડીમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુવંદનાનો સુંદર કાર્યક્રમ યોજાયો હતો. સમર્થ રામદાસ, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, શિવાજી, લેનિન, પ્લેટો, માર્કસ વગેરે આદર્શ ગુરુ તથા પ્રાચીન અને સાંપ્રત શિક્ષણની ભૂમિકાને ગુરુજનોએ તાલીમાર્થીઓને રજૂ કરી હતી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત ડૉ. આર.એમ. પટેલ પી.ટી.સી. કોલેજ કડીમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. જેમાં તાલીમાર્થી ભાઈઓ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ગુરુપૂર્ણિમાનું મહત્વ, પ્રાર્થના, ભજન, વક્તવ્ય રજૂ કર્યા અને ગુરુજનોને કંકુ તિલક કરી પૂજન કર્યું. કોલેજના અધ્યાપકો દ્વારા ગુરુ મહિમા વિશે માહિતી રજૂ કરવામાં આવી. તેમજ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. બાબુલાલ આર. પટેલે તાલીમાર્થીઓને ગુરુપૂર્ણિમાનું મહત્વ વિવિધ નામો, ગુરુપૂર્ણિમા નામ શી રીતે પડ્યું, માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ અને આચાર્ય દેવો ભવ વિશે વિસ્તૃત માહિતી આપી. દીક્ષાગુરુ અને જગત ગુરુ વિશે પણ માહિતી આપી. ભગવાન વેદવ્યાસજીએ આ દિને ૧૭ પુરાણોનું સંકલન કર્યું જેના કારણે ગુરુપૂર્ણિમાનું મહત્વ વિશેષ છે. ભૂતકાળના ગુરુ-શિષ્યો વિષે માહિતી અને વિશ્વાસ પાત્ર સંબંધો વિશે વિસ્તૃતમાં ઉદાહરણ પુરા પાડ્યા, જેમાં સમર્થ રામદાસ, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, શિવાજી, લેનિન, સુકરાત, પ્લેટો, અરસ્તુ, થોરો, માર્કસ વિગેરેનો ઉલ્લેખ પૂરો પાડ્યો તેમજ પ્રાચિન સમયમાં ગુરુ તથા આશ્રમ વિશેની માહિતી, તેનું મહત્વ તે સમયનું શિક્ષણ વગેરેની સુંદર શૈલીમાં રજૂઆત કરી તાલીમાર્થીઓને જ્ઞાનનું ભાથું પીરસ્યું અને તેમના જ્ઞાનમાં વધારો કર્યો હતો. તેમણે પથદર્શક ગુરુ તરીકેની તેમની ભૂમિકા સરસ રીતે અદા કરી. આ ગુરુપૂર્ણિમાનું આયોજન અધ્યાપક મનીષાબેન ચૌધરી અને અરજુનભાઈએ કર્યુ હતું.

## સોજા હાઈસ્કૂલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૭

કલોલ તાલુકાની સોજા ગામની શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કુલ



સોજા ગામની ઉપક્રમે દરવર્ષની જેમ વૃક્ષોરોપણનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. શાળાની રાહી ઈકોકલબ, બાલ ઉર્જા રક્ષક દળ, રાષ્ટ્રીય સેવા યોજના, સ્કાઉટ ગાઈડ અને નેશનલ કેડેટ કોર્સના વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કરેલ હતું. સારસ્વત રાકેશ પ્રજાપતિ અને ભરતભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણ તથા સંવર્ધનના જાહેર શપથ લીધા હતા. આચાર્ય ભાવેશભાઈ જોશીએ કાર્યક્રમને પ્રોત્સાહન આપેલ હતું.

## પ્રેરણા વિદ્યાલયમાં વન મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૫-એ ખાતે આવેલી પ્રેરણા વિદ્યાલયમાં તાજેતરમાં વન મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

વન મહોત્સવ અંતર્ગત શાળામાં પર્યાવરણ લક્ષી વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. વૃક્ષોનું જતન, વૃક્ષોનો મહિમા વગેરેને અનુલક્ષીને વકતૃત્વ સ્પર્ધા અને ચાર્ટ બનાવવાની સ્પર્ધા યોજવામાં આવી હતી. વકતૃત્વ સ્પર્ધામાં ધોરણ-૮ અને ધોરણ-૯માં સુરેખા નિનામા પ્રથમ, શ્વેતા સોલંકી દ્વિતીય અને રાહુલ રાવત તૃતીય નંબરે વિજેતા બન્યા હતા. ધોરણ-૧૦ અને ૧૧માં હેમાંગ ઠાકર પ્રથમ, આરતી ગોંડલિયા દ્વિતીય અને જયદીપ ગોંડલીયા તૃતીય નંબરે વિજેતા બન્યા હતા. ચાર્ટ સ્પર્ધામાં હેમાંગ ઠાકર અને રોહિત સેલોત પ્રથમ નંબરે, ધ્રુવેશ ગજ્જર, અબરાર સૈયદ દ્વિતીય નંબરે તથા હિતેશ વાઘેલા અને નેહા શાહ, હિરલ રાઠોડ તૃતીય નંબરે આવ્યા હતાં.

શાળાના આચાર્યા સ્વાતિબા રાઓલે આ પ્રસંગે વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ સમજાવ્યું હતું. તથા વિદ્યાર્થીઓને છોડવા વાવી તેની માવજત કરવા અપીલ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મીનલબેન પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલાએ ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતાં.

## આજે આંબેડકર ભવનમાં સાહિત્યિક વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતી સાહિત્ય પરિષદના દલિત સાહિત્ય પ્રકાશન વિશે આજે ૨૮મી જુલાઈએ આંબેડકર ભવન ખાતે વિશેષ વ્યાખ્યાન યોજાશે.

દલિત સાહિત્યકાર શ્રી બી. કેશરશિવમનું ગુજરાતી સાહિત્ય પરિષદના દલિત સાહિત્ય પ્રકાશન 'સ્વકીય' વિશે આજે ડૉ. આંબેડકર ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે સાંજે ૫.૩૦ કલાકે મનનીય વકતવ્ય યોજાશે એમ સાહિલ પરમાર દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## પાયકા કેન્દ્ર બાલવાનો વેઈટ લિફટીંગમાં વિજય

ગાંધીનગર, ૨૭

ગાંધીનગર જિલ્લા કક્ષા પાયકા વેઈટ લિફટીંગની સ્પર્ધામાં સ્વામીનારાયણ હાઈસ્કુલ બાલવા ખાતે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પાયકા કેન્દ્ર બાલવાના ખેલાડીઓએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી રાજયકક્ષાએ પસંદગી પામ્યા છે.

પાયકા કેન્દ્ર બાલવાના ખેલાડીઓ અંડર ૧૬ ભાઈઓમાં જશ પટેલ, રવિ ચૌધરી, નિલેશ ચૌધરી, સંજય ઠાકોર, તન્મય ચૌધરી અને કાર્તિક ચૌધરીએ સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. અને રાજયકક્ષાની સ્પર્ધામાં પસંદગી પામ્યા છે. વિજેતા તમામ ખેલાડીઓને શૈલેષ પટેલ અને અધ્યક્ષ અર્જુનસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા છે.

## શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયનો રમત-ગમત સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકાનો શાળાકીય રમત-ગમત સ્પર્ધા ગત તા. ૨૫ જુલાઈ-૨૦૧૩ ગુરૂવારના રોજ સેક્ટર-૭ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના ખેલાડીઓએ કબ્બડી અને વોલીબોલમાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે.

ખેલમહાકુંભ અંતર્ગત યોજાયેલ રમત-ગમત સ્પર્ધામાં કુલ ૧૨ ટીમોના ૧૮૦થી ૨૦૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય સેક્ટર-૩૦ના ખેલાડીઓએ ચાલુ વર્ષે અન્ડર-૧૪ કબડ્ડી, અન્ડર-૧૭ કબડ્ડી, અન્ડર-૧૯ કબડ્ડી તેમજ વોલીબોલમાં વિજેતા બની હતી. જે છેલ્લા ત્રણ વર્ષથી સતત વિજેતા બની જિલ્લાની અન્ય શાળાઓનો રેકોર્ડ તોડ્યો હતો. આ ટીમના ખેલાડીઓ રમતમાં સારો દેખાવ કરી મહત્વની ટીમોને પરાજય આપ્યો હતો. આ શાળાની કબડ્ડીની ટીમ શાળાકીય રમતોત્સવમાં ગુજરાત રાજ્યમાં સતત ત્રણ વર્ષથી પ્રથમ સ્થાન મેળવે છે. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા, પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા, શાળાના આચાર્ય યુવરાજસિંહ વાઘેલા, રોટરી ક્લબ ઓફ કેપિટલના ડૉ. એસ.કે. નંદા તથા એસ.એ.જી.ના સિનિયર કોચ ગોઠી સહિતના ઉપસ્થિત મહેમાનોએ કબડ્ડી ટીમના શાળાના કોચ સંજયકુમાર કનોજીયાએ ખેલાડીઓને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

## પી.કે. ચૌધરી કોલેજમાં મહેંદી સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત સરકાર સૂચિત સપ્તધારામાંથી કલા કૌશલ્ય ધારા અંતર્ગત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં મહેંદી સ્પર્ધાનું આયોજન કરેલ હતું. વિદ્યાર્થીઓએ પોતાનામાં રહેલ કૌશલ્ય દ્વારા સુંદર મહેંદી રચેલ હતી. ૨૦ વિદ્યાર્થીઓમાંથી પ્રથમ ત્રણમાં પ્રિયંકા પ્રજાપતિ, કિંજલ પંચાલ, મધુ વર્મા, પરમાર દીપીકા, અવની પરીખે પ્રાપ્ત કરેલ છે.

આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ પ્રેરણા આપેલ કલા કૌશલ્ય ધારાના કન્વીનર ડૉ. મીનાબેન વ્યાસ તેમજ પ્રા. સજ્જનબેન ચૌધરીએ પ્રોત્સાહિત કરેલ હતા. નિર્ણાયક તરીકે ડૉ. લીનાબેન સ્વાદિયાએ સેવા આપી હતી.

## આપણા શરીરનાં વિવિધ તંત્રો ઉપર થતી કસરતની કાયમી અસરો : લેખાંક-૨

ફિઝિકલ ફિટનેસ

કાન્તિભાઇ રા. પટેલ

ગત લેખાંક-૧માં જણાવ્યા અનુસાર આ લેખાંકમાં નીચેનાં તંત્રો ઉપર થતી કસરતની કાયમી અસરો બાબતો માહિતી આપવામાં આપવાની થાય છે.

(૧) શ્વસનતંત્ર
(૨) પાચનતંત્ર
(૩) ઉત્સર્જન તંત્ર
(૪) જ્ઞાનતંત્ર

આ માહિતી નીચે પ્રસ્તુત કરવામાં આવેલ છે.

| ક્રમ | તંત્રનું નામ | કાયમી અસરો/વધેલી ક્ષમતા |
|---|---|---|
| (૧) | શ્વસનતંત્ર | (૧) કસરત કરવાથી પ્રાણવાયુ (ઓક્સીજનના ઉપયોગી માત્રા વધ છે, એટલે કે આરામની સ્થિતિમાં, ઓક્સિજનના ઉપયોગથી, એક મિનિટની માત્રા, જે લગભગ ૭૮ લિટર જેટલી હોય છે તે વધીને ૧૦૦ લીટર જેટલી થાય છે. |
| | | (૨) આરામની સ્થિતિમાં ઓક્સિજન યુક્ત શ્વાસોચ્છવાસનું પ્રમાણ જે ૧ મિનિટનું ૧૨ થી ૧૫ જેટલું હોય છે. તે કસરત દરમિયાન ૧ મિનિટનું લગભગ ૩૦ જેટલું થાય છે. |
| | | (૩) કસરત કરવાથી, એક શ્વાસ અને એક ઉચ્છવાસની ક્રિયામાં આરામની સ્થિતિમાં હવાનો જથ્થો જે ૦.૬ લીટર જેટલો હોય છે, તે વધીને ૩.૫ લીટર જેટલો થાય છે. |
| | | (૪) શ્વસનશક્તિ (Vital Capacity) માં વધારો થાય છે |
| | | (૫) પ્રાણવાયુનું દેવું (Oxygen Debt.) જે કસરત દરમિયાન સર્જાતું હોય છે, તે કસરત પુરી થતાં ઓછા સમયમાં ભરપાઇ થઇ જાય છે. |
| (૨) | પાચનતંત્ર | (૧) પાચનક્રિયા સુધરે છે. |
| | | (૨) મોંમાં આવેલી લાળગ્રંથિઓ વધારે સક્રિય થાય છે. |
| | | (૩) જઠરમાં પેપ્સિન અને રેનિન નામના બે પાચક રસોની ઝરવાની માત્રા વધે છે. |
| | | (૪) નાના આંતરડામાં ઝરતા પિત્તરસ, સ્વાદુપિંડરસ અને આંત્રરસની ઝરવાની માત્રા વધે છે. |
| | | (૫) સ્વાદુપિંડ (Pancreas) અને યકૃત (Liver) ની કામગીરી અસરકારક બને છે. |
| | | (૬) સારી ભૂક લાગે છે. |
| | | (૭) મળ વિસર્જન નિયમિત બને છે. |
| (૩) | ઉત્સર્જનતંત્ર | (૧) મોટું આંતરડું ઘનરૂપ કચરો બહાર ફેંકવાનું કામ અસરકારક રીતે કરે છે |
| | | (૨) મૂત્રપિંડો (Kidneys) અને ચામડી પ્રવાહીરૂપ કચરો બહાર ફેંકવાનું કામ અસરકારક રીતે કરે છે. |
| | | (૩) ફેફસાં વાયુરૂપ કચરો બહાર ફેંકવાનું કામ અસરકારક રીતે કરે છે. |
| | | (૪) શારીરીક રાસાયણિક ક્રિયાઓ ઝડપી બને છે. |
| (૪) | જ્ઞાનતંત્ર | (૧) ચેતા - સ્નાયુ ગતિ સુમેળ (Neuro-musculer co-ordination) પ્રક્રિયા અસરકારક બને છે. |
| | | (૨) સ્નાયુઓ, જ્ઞાનતંજ્ઞ તરફથી આવતા હુકમો/ સંવેદનાઓનું પાલન સારી રીતે કરે છે. |
| | | (૩) સ્નાયુઓની સંકોચન (Contraction) અને વિસ્તરણ (Extension) ની ક્રિયાઓ અસરકારક બને છે. |
| | | (૪) મધ્યવર્તી જ્ઞાનતંત્ર (Central Nervous System) માં આવેલાં ગત્યાત્મક કેન્દ્રો (Motor Centres) ઝડપથી ઉત્તેજીત થાય છે. |

લેખાંક-૧માં દર્શાવવામાં આવેલ તંત્રો તથા ઉપરોક્ત તંત્રોને મદદરૂપ થનાર અને તેમની કામગીરી વધારે અસરકારક બનાવનાર, એવી આપણા શરીરમાં કેટલીક નલિકારહિત ગ્રંથિઓ (Ductless) હોય છે, જે કસરત કરવાથી વધારે અસરકારક બને છે, એટલે કે વધારે સક્રિય બને છે, તે વિશે આપણે આ પછીના લેખાંકોમાં વિગતે માહિતી મેળવીશું. (ક્રમશઃ)